ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY
GOVERNMENT OF GUJARAT

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## <u>અખબારી યાદી</u>

તા: ૧૮/ ૧૧/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી ..................................,
ભાવનગર.

## રાષ્ટ્રીય સ્તરે આઈ.ટી.કવીઝમાં તૃતિય ક્રમ પ્રાપ્ત કરતી ભાવનગર જિલ્લાની ટીમ.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST), ગાંધીનગર દ્વારા આ વર્ષે રાજયકક્ષાની નેશનલ લેવલ રૂરલ આઈ.ટી.કવીઝ–૨૦૧૫ સ્પર્ધાનું આયોજન ગુજરાતમાં પ્રથમ જિલ્લા કક્ષાએ અને ત્યારબાદ રાજય કક્ષાએ કરવામાં આવેલ.

જિલ્લા કક્ષાની રૂરલ (ગ્રામ્ય) આઈ.ટી.કવીઝ ૨૦૧૫ નું આયોજન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા.૧ ઓગષ્ટ, ૨૦૧૫ શનિવારના રોજ મેડીકલ કોલેજ, ભાવનગર ખાતે કરવામાં આવેલ. આ સ્પર્ધામાં ગ્રામ્ય વિસ્તારની ૬૦ શાળાઓના ધોરણ ૮ થી ૧૨ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની ૧૨૦ ટીમોએ ભાગ લીધેલ.

આ જિલ્લા કક્ષાના ગ્રામ્ય આઈ.ટી.કવીઝ ૨૦૧૫ની વિજેતા થયેલ ૧૦ ટીમો ના વિદ્યાર્થીઓ તા.૧૦/૯/૧૫ના રોજ ટાઉનહોલ, ગાંધીનગર ખાતે યોજાયેલ રાજયકક્ષાની સ્પર્ધામાં ભાવનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરેલ. રાજયકક્ષાની સ્પર્ધામાં ગુજરાતના સમગ્ર જિલ્લામાંથી વિજેતા થયેલ કુલ ૩૨૦ ટીમોના ૬૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ.

આ સ્પર્ધામાં ભાવનગર જિલ્લાની શ્રી એમ. જે. સી. કે. આર. હાયર સેકન્ડરી ઈંગ્લિશ સ્કુલ, સોનગઢના વિદ્યાર્થીઓ **<u>મહેતા હિત</u> અને <u>લૈકા હાર્દિક</u>** પસંદગી પામેલ. જેમણે **બેંગલોર ખાતે તા.૧૭/૧૧/૧૫ના રોજ યોજાયેલ નેશનલ લેવલ રૂરલ આઈ.ટી.કવીઝમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી સમગ્ર ભારત ભરમાં ત્રીજો ક્રમાંક મેળવેલ છે.** બન્ને વિદ્યાર્થીઓને ઇલેકટ્રોનીકસ ગેઝેટસ ની કીટ જેમા સેમસંગ સ્માર્ટ ફોન, પોર્ટેબલ સ્પીકર, સેલ્ફી સ્ટીક, સ્ટુડન્ટ કીટ, હેન્ડસ ફ્રી વગેરે આપવામા આવ્યા. જે બદલ ગુજકોસ્ટના સલાહકાર શ્રી ડૉ. નરોત્તમ શાહુ તેમજ કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના પ્રમુખશ્રી પરેશભાઈ ત્રિવેદી, ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડ તથા તેમની ટીમે શાળાના માર્ગદર્શક શિક્ષકશ્રી અવિનાશભાઈ દવે તેમજ બન્ને વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવેલ.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.